
### રાજ્યના ઇતિહાસનો સૌથી મોટો અપ્રમાણસર મિલકતનો કેસ

# ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર વિરમ દેસાઈ પાસેથી અધધધ.. ૩૦ કરોડની અપ્રમાણસર મિલકત મળી

**ગુજરાતમાં બે અદ્યતન બંગલા, ૩ ફ્લેટ, ૧૧ દુકાનો, ૧ ઓફિસ, બે પ્લોટ અને ૧૧ લક્ઝુરિયસ કાર ધરાવતા વિરમ દેસાઈ સામે એસીબીએ ગુનો દાખલ કર્યો**







ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત એન્ટી કરપ્શન બ્યૂરો (ACB) દ્વારા અત્યારસુધીનો સૌથી મોટો અપ્રમાણસર મિલકતનો કેસ નોંધાયો છે. ગાંધીનગરમાં ફરજ બજાવી ચૂકેલા નિવૃત નાયબ મામલતદાર વિરમ દેસાઈને ત્યાં દરોડા પાડી એસીબીની ટીમે કરેલી કડક કાર્યવાહીની હડકંપ મચી જવા પામ્યો છે. નિવૃત નાયબ મામલતદાર વિરમ દેસાઈની પાસેથી અધધધ રૂ.૩૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતની અપ્રમાણસર મિલકત મળી આવી છે. કલોલ ઉપરાંત ગાંધીનગર ખાતે ફરજ બજાવી ચૂકેલા નિવૃત નાયબ મામલતદાર વિરમ દેસાઈ સામે એસીબી દ્વારા અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કરાયો છે અને તે બારીકાઈથી તપાસ પણ કરવામાં આવી રહી છે. આ તપાસમાં ૩૦ કરોડથી વધુની અપ્રમાણસર મિલકત વસાવી હોવાનું છઝ્મની તપાસમાં સામે આવ્યું છે.

ACBને ૩૦ જેટલા બેંક એકાઉન્ટ પણ તપાસમાં મળી આવ્યા છે જેમાંથી ૪ કરોડ રૂપિયાનું ટ્રાન્જેક્શન મળી આવ્યું છે, સાથોસાથ ૩ ફ્લેટ, ૨ બંગલા, ૧૧ દુકાનો, ૧ ઑફિસ, ૨ પ્લોટ, ૧૧ લક્ઝૂરિયસ ગાડીઓ મળી આવી છે. આ સિવાય દેસાઈએ રિયલ એસ્ટેટમાં પણ રોકાણ કર્યું હોવાનું સામે આવ્યું છે.

આ સિવાય વિરમ દેસાઈએ રિયલ એસ્ટેટમાં પણ ખૂબ મોટું રોકાણ કર્યું હોવાનું ધ્યાને આવ્યું છે. તેમની પાસેથી આશરે ૩ કરોડ રૂપિયાની ૧૧ લક્ઝૂરિસ કાર મળી આવી છે. તેમની તપાસમાં સામે આવ્યું છે કે વિરમ દેસાઈ દ્વારા તેમના પરિવારના સભ્યોનાં બેંક એકાઉન્ટમાંથી ૪,૬૧,૨૦,૬૩૩ જેટલી માતબર રકમથી વિદેશી હૂંડિયામણ સ્વરૂપે નાણા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

ACBના ઈતિહાસમાં પ્રથમ વખત આવો કેસ કરવામાં આવ્યો છે. મહત્વની વાત તો એ છે કે વર્ષ ૨૦૨૦માં ACBએ કુલ ૩૮ જેટલા અપ્રમાણસર મિલકતના કેસ કર્યા હતા જેની રકમ ૫૦ કરોડથી વધુ હતી. પરંતુ વર્ષ ૨૦૨૧માં માત્ર ૩ કેસમાં જ રકમ ૩૩ કરોડની ઉપર જતી રહી છે. હાલ આવા અનેક અધિકારી અને કર્મચારીઓ સામે છઝ્મની કાર્યવાહી શરૂ છે.

### રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમે વિકાસને લઇ કરી પહેલ

# ઉદ્યાન નગરીના ઉદ્યાનોને પુનઃ પ્રસ્થાપિત કરવા નફો કરતા એકમોને દત્તક આપવા વિચારણા

**''ગાંધીનગરનો વિકાસ'' વિષય પર ઉચ્ચ સનદી અધિકારીઓ અને જિલ્લાના અધિકારીઓનું મંથન**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરને પુનઃ ગ્રીનસીટી બનાવવા માટે અને ઉદ્યાન નગરીના ઉજ્જડ બગીચાઓના પુનઃ સ્થાપન માટે રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમે નિર્ણય કર્યો છે.

સચિવાલયના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ''ગાંધીનગરનો વિકાસ'' એ વાતને લઈ તેમણે આજે ગાંધીનગર જિલ્લાના અને મ્યુનિ. કમિશનર સાથે એક વિસ્તૃત બેઠક યોજી હતી. બે કલાક ચાલેલી આ બેઠકમાં તેમણે ગાંધીનગરની ઓળખ જે ઉદ્યાનનગરી તરીકેની હતી તેને પુનઃ પ્રસ્થાપિત કરવા માટેના સંકેતો આપ્યા હતા.

ગાંધીનગર શહેરમાં ૯૦ જેટલા નાના-મોટા ઉદ્યાનો આવેલા છે. સેક્ટરોમાં આવેલા ઉદ્યાનો જાળવણી અને નિભાવણીના અભાવે વેરાન બની ગયા છે. ઉદ્યાનોની હરિયાળી પણ હવે નગરમાં જોવા મળતી નથી. ગાંધીનગર શહેરને ગ્રીનસીટીની ઓળખ પાછી મળે અને શહેરમાં પુનઃ હરિયાળા બગીચાઓથી વાતાવરણમાં બદલાવ આવે તે માટે તેમણે આજે ભાર મુક્યો હતો.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપાયેલા બગીચાઓના રિનોવેશનની કામગીરી જે ગતિએ ચાલી રહી છે તેને લઈ તેમણે સંતોષ, વ્યક્ત જરૂર કર્યો હતો. જો કે બાકી સરકાર હસ્તકના રહેલા ૫૦ થી વધુ બગીચાઓ જે છે તે માટે સરકારના નફો કરતા નિગમો કે અન્ય નફો કરતી કંપનીઓને દત્તક આપી પુનઃ બગીચાઓને હરિયાળા બનાવી શકવાના સંકેતો આપ્યા હતા.

મુખ્ય સચિવ મુકીમે ગાંધીનગર શહેરમાં વિકાસને લઈ વૃક્ષોને કપાતમાં જતા બચાવી અને રિ-ટ્રાન્સ પ્લાન્ટ કરવાના અભિગમને આવકાર્યો હતો પરંતુ શહેરમાં વૃક્ષોનું જતન અને જાળવણી તેમજ ઉછેર માટે સ્વૈચ્છીક સંસ્થાઓનો પણ સહયોગ લેવા માટે જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરની વિકાસ ગતિ અંગે તેમણે કેટલાક સવાલો પણ અધિકારીઓને કર્યા હતા. તેમણે શહેરના સુઆયોજિત વિકાસ પર વિશેષ ભાર મુક્યો હોવાનું પણ જાણવા મળેલ છે.

આજની આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન ઉપરાંત સંબંધિત વિભાગોના સચિવો હાજર રહ્યા હતા.

# ચિલોડા સરખેજ માર્ગ પર વૃક્ષોની કટોતી મામલે વનવિભાગને ૩.૨૫ કરોડનુ વળતર

ગાંધીનગર તા ૨૦

ચિલોડા સરખેજ માર્ગ પર માર્ગ નવિનીકરણની અને વાઈડનીંગની કામગીરી અન્વયે અત્યાર સુધી ૪૪૩૭ વૃક્ષોનુ ટ્રાન્સપ્લાન્ટ કરાયુ છે. જયારે ૫૬૭૫ રોપાઓ અને વૃક્ષોની કટોતી થઈ છે. જયારે આ અન્વયે વનતંત્રને રૂ ૩.૨૫ કરોડનુ વળતર ચુકવાયુ છે.

ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટ અન્વયે અત્યાર સુધી ૪૪૩૭ રોપાઓ અને વૃક્ષોને અન્ય જગ્યાએ ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે. જયારે ૫૬૭૫ રોપા અને વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આ પ્રોજેકટના કામ અન્વયે વૃક્ષોની કટોતી ઓછી થાય તેમજ હરિયાળા વૃક્ષોને બચાવી શકાય તે માટે વિશેષ તકેદારી લેવામાં આવી હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે આ વૃક્ષોન કટોતી અન્વયે નેશનલ હાઈવે ઓથોરિટીએ વનવિભાગને ૩.૨૫ કરોડનુ વળતર ચુકવ્યુ છે. ગાંધીનગરમાં વિકાસ કામોના નામે

**પ્રાજેકટના કામ અન્વયે ૪૪૩૭ વૃક્ષોનુ ટ્રાન્સપ્લાન્ટ કરાયુ : ૫૬૭૫ રોપા-વૃક્ષોની કટોતી**

સેંકડો વૃક્ષોનુ નિકંદન વળી રહ્યુ હોવાનો આક્રોશ પ્રકૃતિ પ્રેમીઓમાં વારંવાર ઉઠવા પામે છે. સેકટરોમાં એપ્રોચ માર્ગની કામગીરી દરમિયાન પણ વૃક્ષોની કટોતી ન થાય તે માટે પર્યાવરણ પ્રેમીઓએ આંદોલન કર્યુ હતુ જયારે શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા માર્ગોની કામગીરી પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. આગામી દિવસોમાં પાણી ગટર લાઈનનુ પણ કામ હાથ ધરવામાં આવશે. જેના અંતે પણ વૃક્ષોની કટોતી થશે. ચિલોડા સરખેજ માર્ગનુ કામ જયારે શરૂ થયુ ત્યારે પણ પર્યાવરણ પ્રેમીઓએ વૃક્ષોની કટોતી મામલે રોષ વ્યકત કર્યો હતો.

જયારે આ મામલો હાઈકોર્ટ સુધી પણ પહોંચ્યો હતો જો કે આ લડતના અંતે રૂટમાં વૃક્ષોની કટોતી પ્રમાણમાં અટકાવી શકાઈ છે. આમછતા આ રૂટમાં ૫૬૭૫ રોપા તેમજ વૃક્ષોની કટોતી થઈ છે. જયારે અન્ય વૃક્ષોને નજીકની જગ્યામાં ટ્રાન્સપ્લાન્ટ કરાયા છે. જયારે વૃક્ષોની કટોતી મામલે વનતંત્રને અંદાજિત રૂ ૩.૨૫ કરોડનુ વળતર પણ ચુકવાયુ છે.

# શહેરના બંને ઓવરબ્રિજ માર્ચમાં કાર્યાન્વિત થશે

**સરગાસણ અને ઘ-૦ ઓવરબ્રિજ પર માર્ચમાં વાહનો દોડતા થઇ જશે : બન્ને ઓવરબ્રિજનુ ફેબ્રુઆરી અને માર્ચમાં લોકાર્પણ કરાશે : હાલ આ રૂટમાં ટ્રાફિકની અવરજવર માથાના દુખાવારૂપ બની છે**

ગાંધીનગર તા ૨૦

ચિલોડા સરખેજ માર્ગ પર ૧૦ ઓવરબ્રિજ તૈયાર કરવા માટે આયોજન કરાયુ હતુ જયારે આ પૈકી સાણંદ , પકવાન તેમજ ઉવારસદ ચોકડી પર ઓવરબ્રિજ તૈયાર કરી દેવાયો છે જયારે આગામી ફેબ્રુઆરી મહીનાના અંતમાં સરગાસણ બ્રિજ પર વાહનો દોડતા થઈ જશે આ ઉપરાંત ઘ-૦ પાસે પણ માર્ચમાં ઓવરબ્રિજ તૈયાર થઈ જશે. માર્ચ મહીનાના અંતમાં શહેરના પ્રવેશદ્વારે બે ઓવરબ્રિજ તૈયાર થઈ જશે. જુલાઈના અંતમાં ચિલોડા સરખેજ માર્ગનુ કામ પુર્ણ થઈ જશે.

ચિલોડા સરખેજ માર્ગનુ કામ હાલ ચાલી રહ્યુ છે. આ માર્ગ પર અંદાજિત ૧૦ જેટલા ઓવરબ્રિજનુ નિર્માણ કરવાનુ આયોજન કરાયુ હતુ જયારે આ પૈકી સાણંદ, પકવાન અને ઉવારસદ ઓવરબ્રિજ તૈયાર થઈ ગયો છે. આ બ્રિજનુ લોકાર્પણ પણ થઈ ગયુ છે. જયારે હાલ સરગાસણ તેમજ ઘ-૦ ઓવરબ્રિજની કામગીરી પણ પુરઝડપે ચાલી રહી છે. આગામી ફેબ્રુઆરી મહીનાના અંતમાં આ બ્રિજ તૈયાર થઈ જશે જયારે ઘ-૦ પાસેનો ઓવરબ્રિજ પણ માર્ચના અંત સુધીમાં તૈયાર થઈ જશે. ચિલોડા સરખેજ રૂટમાં સાણંદ, પકવાન, ઉવારસદ, ઘ-૦, સરગાસણ,વૈષ્ણોદૈવી , ખોડિયાર અને ઉજાલા ક્રોસ રસ્તા પર બ્રિજ બનાવવાનુ આયોજન કરાયુ છે. આ પૈકી અત્યાર સુધી ત્રણ બ્રિજ તૈયાર કરી દેવાયા છે. જયારે અન્ય બ્રિજ આગામી જુલાઈ સુધીમાં તૈયાર થઈ જશે. જેમાં વૈષ્ણોદેવી અને ખોડિયાર જંકશનનો બ્રિજ પણ માર્ચ મહીના સુધીમાં તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં કોરોનાના ૧૨ નવા કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૨ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૭ કેસ અને ગાંધીનગર શહેરમાં ૫ કેસ નોંધાયા છે.

ગ્રામીણ વિસ્તારમાં પણ ગાંધીનગર તાલુકામાં ૬ અને દહેગામમાં ૧ કેસ નોંધાયેલ છે. ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસો જે રીતે મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજે કુડાસણ ગામેથી ૪ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત પેથાપુર અને શેરથા ગામેથી પણ કેસ મળેલ છે.

દહેગામ તાલુકાના કનીપુર ગામેથી ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે અત્યાર સુધીમાં ૩૯૧૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામીણ વિસ્તારમાં આજે ૪૦૪૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી આજે સતત બીજે દિવસે પાંચ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૩ મહિલા દર્દીઓ નોંધાયા છે. સંક્રમિત થનારાઓમાં આજે સિવિલ હોસ્પિટલમાં કોવિડની ફરજો બજાવતા એક ઈન્ટર્ન ડૉક્ટરનો સમાવેશ થાય છે. આજે જિલ્લામાં બે દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૧૨ માંથી ૨ કેસ, ઉપરાંત સે. ૭, ૨૪ અને ૨૯ માંથી કેસો મળી આવેલ છે. શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.


હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ



ગ્રીમકો પરિવારના પૂર્વ અધ્યક્ષ માનનીયશ્રી મેઘજીભાઇ કણઝારીયા,
જામ-ખંભાળિયા, જી-દેવભૂમિ દ્વારકા ખુબ જ ટૂંકા સમયની બિમારીને કારણે
તા.૧૭/૦૧/૨૦૨૧ના રોજ સ્વર્ગલોક પામેલ છે. તેઓની આ આકસ્મિક વિદાયથી
ગ્રીમકો પરિવાર ખૂબ જ દુઃખની લાગણી અનુભવે છે.
ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ આપે અને આવા કપરાં સમયે
તેમના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુ પ્રાર્થના.

ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લીમીટેડ, ગાંધીનગર.
( ગ્રીમકો પરિવાર )

FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com